
# વીર—રમણી.

ગુજરાત નાટક મંડળીઓ માટે.



મુંબાઈ

રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૩

કીમત ૨ આના.

# નાટકનો ટુંક સાર.

પ્રથમ મંગળાચરણ, સુત્રધારની ઇશ્વર સ્તુતિ, બાદ સુત્રધાર વિદુષકને નાટકનો સાર સંભળાવે છે, તથા લાડુ દે છે, જેથી વિદુષક લાડુના વખાણ કરે છે.

૧ ચંદ્રસિંહ રાજાની સભા, દરબારીઓ રાજ સુખનું વર્ણન કરે છે, ત્યાર બાદ વારાંગનાઓ નૃત્ય કળાથી રાજાને રિઝવી જાય છે. સભા બરખાસ્ત થાય છે.

૨ રમણીનો મેહેલ, રમણી પોતાના પતિને ચિંતાતુર થએલો જોઇ કારણ પુછે છે. તેનો જવાબ સાચો નહી મળવાથી તથા પોતાને તે વાતની જાણ થવાથી ગુઢ શબ્દમાં શીખામણ આપે છે, જેથી રાજા વીર તેના ઉપર ક્રોધાયુક્ત થઇ ચાલ્યો જાય છે.

૩ ચંદ્રસીંહ રાજાનું દિવાનખાનું, ચંદ્રસિંહ પોતાના પ્રધાને પોતાની દિલગીરી જણાવે છે. તથા પોતાના પુત્રને તેની [illegible] માટે ડપકો આપવાનું કહે છે પાછળથી રાણી ચિ[illegible]મને સમજાવી શાંત કરે છે ને લઇ જાય છે.

૪ રમણીનું દિવાનખાનું. રમણી પોતાના મનમાં દુષ્ટ વિચાર પાર પાડવાની ધારણા બાંધે છે, તેવામા તેની દાસી મુકુંદ આવી શીખામણ દઈ શાંત કરે છે, તથા ધર્મ ગુરૂનો ઉપદેશ સાંભળવા મોકલે છે.

૫ રસ્તો, વીર વીલાશીને મેહેલે જતા પોતાના વજીરનેમેળો થાય છે ને વજીર તેને શીખામણ દે છે, જેથી વજીરનું અપમાન કરે છે તથા ગુન્હો નાહી કબુલ કરી ચાલ્યો જાય છે ને વજીર પણ જાય છે.

૬ ગુણકાનો મેહેલ, વિલાશીનુ પોતાની સુંશણગારીનુ વર્ણન કરે છે તેજ વખતમાં વીર તેના મેહેલે આવી તેને આળી મળે

છે, ને હાસ્યવિનોદની સામ સામી વાત કરી, ઉભય સ્થાનકે જાય છે.

૭ રમણીનુ દિવાનખાનું, રમણી શોક નિમગ્ન થઇ પતિના પ્યારને ધિક્કાર આપે છે, ને પ્રેમસેન નામના જાર સાથે નાશી જવાનો ઠરાવ કરે છે.

૮ રસ્તો, વીર તથા તેનો મિત્ર કનકસેન ગુણકાને વિલાશીની લઇ કોઇ સ્થળે રેહેવાનો ઠરાવ કરે છે.

૯ રાજદરબાર, વારાંગનાઓનો નાચ, બાદ વજીરનું અપમાન થએલુ તથા વીરની નાસી ગયાની બાતમી મળ્યાથી, રાજા વિલાશીનીને પકડી મંગાવી તુરત દેશ નીકાલ કરેછે. ત્યારબાદ, વીરની રાણી નાશી જવાની બાતમી મળ્યાથી અતિ દિલગીરી સાથે તેના વજીર વિજયબળને લશ્કર સાથે શોધવાનો હુકમ કરે છે. ને પોતે આપઘાત કરવનું કહે છે, ત્યાં વજીર શીખામણ દઇ શાંત પાડે છે ને પોતે બન્ને સાથે શોધ કરવાનો ઠરાવ કરે છે.

૧૦ ચોરનું ઝુંપડું, ચોર તથા તેની સ્ત્રીનો સંવાદ, ને ચોર ખાવાનું ખઇ પોતાના ટોળામા ચોરવા જાયછે.

૧૧ વગડો, રમણી તથા તેનો જાર હાસ્યવિનોદ કરતાં તથા તગદીરની તાજુબીના વખાણ કરતા તથા વનની શોભા જોતાં ચાલ્યા જાય છે તેવામાં ચોરનુ ટોળુ તે બચમિન થએલાને ઘેરી લે છે. ને જારને પુરો કરી દે છે. ને રમણીને ચોરનો સરદાર કાવલો પોતાને ઝુંપડે લઇ જાયછે.

૧૨ ચોરનું ઝુંપડું, ચોર રમણીને પોતાની સ્ત્રી થવાનું કહે છે. તે ના કેહેતાં તેને માતાના કુંડમાં હોમવાને લઇ જાયછે.

૧૩ વગડો, વીર તથા તેનો મિત્ર કનકસેન, ગુણકા વીલાશીનીને

એકાંત સ્થળે મુકી ખોરાક શોધવા નીકળ્યા છે. તેમણે રમણીની ચિશ સાંભળીને તેને વહાર કરીને ચોરને ઠાર કરે છે. ને વીર બેશુદ્ધ થએલી સ્ત્રીને ઓળખ્યા શિવાય તેના ઉપર આશક્ત થઈ તેના સ્વરૂપનાં વેખાણ કરે છે. તથા તેને સમજાવવા પ્રયત્ન કરે છે. બેશુદ્ધ થએલી રમણી શુદ્ધમાં આવી પોતાના પતિને ઓળખી લાજ કહાડે છે, ને કનકસેનને સાનમાં સમજાવે છે. કે એને દુર કરે તો સારૂં, જેથી કનકસેન વીરને ઉધું ચતું સમજાવી વિલાશીનીની સંભાળ લેવા મોકલે છે ને તે તથા રમણી ગુપ્ત સ્થળે સંતાઈ બેસી જુએ છે ને તે આવે એટલે તેને પુરો કરવો એવો ઠરાવ કરે છે.

૧૪ વગડો, ગુણકા વિલાશીની નહી મળવાથી ખેદયુક્ત વીર તેને તથા સ્ત્રી જાતને ધિક્કાર આપી જ્યાં કનકસેન હતો એ સ્થળે આવે છે. અહીં કાંઈ નહી મળવાથી દિલગીરી તથા દુઃખનો પાર રેહેતો નથી, જેથી બેશુદ્ધ થઇ મુર્છા ખાઇ પૃથ્વી ઉપર પડે છે. એટલામાં સંતાએલી રમણી કનકસેનને મારી નાંખવાનું કહે છે. પણ કનકસેનની હીમત નહિ ચાલવાથી પોતે રમણી કટાર લઈ પોતાના ધણી વીરના ગળામાં કટાર મારે છે. એટલે વીર મરી જાય છે. પછી કનકસેનને વિચાર થયો કે જે સ્ત્રીએ પોતાના પરણીતેન પતિના પ્યારને નહીં ગણકારતાં તેનો સ્વહાથે વધ કર્યો, ત્યારે તો મારાથી સારો મળે તો મને પણ આવી રીતે કરશે; વાસ્તે એને હું પણ ઠાર કરૂં. અત્યારે જવા દેવી નહીં. પછી રમણી કનકસેનને ઘણા હાવાલાલા તથા સમસોગન ખાધા પણ તેને નહીં માનતાં

કહ્યું કે છેલ્લી ઇશ્વર પ્રાર્થનાની રજા આપું છું માટે જલદી કરી લે. હવે મુકવાનો નથી. ઈશ્વર સ્તુતિ કર્યા પછી તેને ઠાર કરે છે. તે અરસામાં શોધવા નીકળેલો રાજા ચંદ્રસિંહ તથા લશ્કર વીગેરે રમણીના મરણની ચિસ સાંભળી ત્યાં આવે છે ને કનકસેનને પકડે છે. ને સાચેસાચું બોલાવે છે. કનસેન વિગતવાર કહે છે. તેથી રાજા શોકનિમગ્ન થઇ પોતાને ધીક્કાર દે છે. ને કનકસેનને દેશ નીકાલ કરે છે. ને પોતે રાજા રાજ છોડી પોતાના ભત્રીજાને સોંપવાનું કહી પોતે સંસાર ત્યાગ કરે છે.

૧૫ રાજદરબાર. રાજા ધીરસીંહ ગાદીએ બેસે છે, ત્યાં સભાસદો તથા વારાંગનાઓ પ્રભુની પ્રાર્થના કરે છે ને વારાંગનાઓ નાચ કરે છે, ત્યારબાદ પાત્રો અભિવંદન કરે છે.

## નાટકનાં પાત્રો.

સુત્રધાર—નાટકકાર
વિદુષક—હાસ્યરસ ઉપજાવનાર
ચંદ્રશીંહ—ચંદ્રપુરીનો રાજા
ચીત્રવતી—ચંદ્રશીંહની રાણી
વીર—ચંદ્રશીંહનો કુંવર
ધીરશીંહ—ચંદ્રસેનનો ભત્રીજો
રમણી—વીરની સ્ત્રી
મુકુંદ—રમણીની દાસી
વિજયપાળ—ચંદ્રશીંહનો પ્રધાન
વિલાશીની—વીરની રાખેલી ગણીકા
પ્રેમસેન—રમણીનો યાર
કનકસેન—વીરનો મિત્ર
કાળો—ચોરોનો સરદાર તથા બીજા તેની, સ્ત્રી વારાંગનાઓ દરબારીઓ, ચોરનું ટોળું, દાસ દાસીઓ વીગેરે.

# વીર—રમણી.

સુત્રધાર— શક્રીત કરના હોયશો કરસે.

પ્રીય કર મનહર નર વર સુદીર, વંદુ કર જોડી; અરેહાં
પાપ અમાપ કૃપા કરી કાપો, ત્રિવિધીને તોડી.
હું અપરાધી ને મોહા પાપી, નર્ક તણો કામી. અરેહાં
જન્મ મરણુ દુઃખ ફેડ સરણુ દઇ, તું અંતરજામી;
ભવ દુઃખ હરતા પાપ સંહરતા મેહેર થકી માલો. અરેહાં
જન સુખકારી દેવ મુરારી, શિવ પદ સુખ આલો;
અધીક અધિર થઇ આવ્યો આ અવસર, તમ પાસે દોડી. અરેહાં

સુત્રધાર— ગીતી.

વાહ વિદૂષક આવ્યો, ભલે સભા જનને મન બહુ ભાવ્યો;
આ શા આજ ઉદાશી, કાં કોઇએ વાહ્યો કે વટલાવ્યો.

વિદુષક— ગીતી.

મુઢ મતિ મન મોજી, એલફેલ આ શું તું ઉચરે છે;
નથી દાલનું ખાધું, પેટ પીડા મુજને બહુ પજવે છે.

સુત્રધાર— ઇંગ્રેજી રાહ.

સાંભળ વિર વિદૂષક પ્યારા, કામ તણો વિસ્તાર તમામ;
સાહક લાયક લેખી મારો, વર્ણન વાત કરૂં આ ઠામ.
વ્યભિચાર પ્રસાર જગતમાં, જામ્યો જોર થકી ઝુંઝાર;
કૂડ કપટ છળ ભેદ કરાવી, ભંગાવ્યા કંઇનાં ઘરબાર.
માટે મિત્ર મદદ તુજ માગું, આર્ય સુધારો કરવા કાજ;
પ્રગટ પારખું દાખવું દ્રષ્ટે, નાટક રંગભૂમીમાં આજ.

વિદુષક— ...રનામ ભગસો.

જુઓ ભાઈ ભડકે ચાલ્યારે,
લાડુ તણી છે લડાઈ જમણમાં, જુગતે જોજો ભાઈ. જુઓ
ત્રણ ગગાની ગોળી ખાધે, ગુજુનો નહીં કંઈ પાર;
ગોળ ઘઉં ને ઘી શું વખાણું, મંગળ મોદક સાર. જુઓ
સર્ગપુરી કે ઇંદ્રપુરી સુખ, તુજથી તરણા તુલ્ય;
વારે વારે વધુ શું હું વખાણું, અમૃત ચીજ અમુલ્ય. જુઓ

દરબારીઓ— સનનન વરશે ફોરફોર.

ઘનનનનન ગરજે ઘોર ઘોર.
ઝડપ વીજ ઝબકે, ચળકે ફરી ફરી નભમાંહી, ફરકે ફનન ઘન
સૂર્યકાન્ત સમશેર શરણમાં, સુખ શાંતિ સઘળે સ્થળ જામે.
ફરરરકરરર, નેજા ફરકે, સરરર સરરર મેહુલા વરસે.
થરરર થરરર, ધરણી ધરકે, આનંદઅંગ ચકોર મોર. ઘન

વારાંગનાઓ—

રાજ તાજ ઉમંગથી, શું વખાણીએ;
નીતી ન્યાયનું સ્થાન, દીલ માંહી જાણીએ. રાજ
પ્રજા તણા પ્રતિપાળ, પાતુ સમાન છો;
મે'રથી મદ રાજ, મા'સુખ માણીએ. રાજ
ભૂપતિ ભલે રાજ, આ અચળ તપો,
માગીએ પ્રભુ પાસ, એ દીન વાણીએ. રાજ

વારાંગનાઓ—

દિસે આનંદ આનંદ ઉર ભારી, હોજી શી શોભા દરબારી દિસે. (૨)
વદન પુનમના ચંદ્ર સરીખું, મુખ મુદ્રા મનોહારી.
ભાલ ભ્રકુટી વિશાળ પ્રકાશ વેરીને વશકારી. હો દિસે
રસીલું નયન મન હર્ષ વધારે, કાન્તી કામણગારી. હો દિસે

રમણી—

ધન્ય દિવસ પ્રભુ મેહેલે પધાર્યા, દારાનાં દુઃખ નિવાર્યા;
રસિક રસીલી રંગે રમશું કારજ સકળ સુધાર્યા.
બહુ સુખ પામી, એક નવ રહી ખામી.

રમણી—

દિલદાર દિસો છો ઉદાસી, કારણ કરો પિયુ પરકાશી;
ભૂરે સત્ય, પરે સુખ રાશી; દિલ દરશ બને દિન દાસી.
કેમ ચંદ્રવદન કરમાયું, જાણે શ્યામ [illegible] છાયું;
શું વાયો વિપર્યવિષ વાયુ, ભરથાર, પ્રાણ આધાર, જોબન શણગાર
અધિક અભિલાષી. કારણ

વીર—

સુણો દિલદાર દારા, દિલ માંહી, મુને સદા સકળ સુખદાઇ. સુણો
પ્યારી મારી વ્હાલી શાણી, માણું મનગમતી સુખ મોજ.
પ્રીતમ પ્યારી જમીએ રમીએ, પ્રેમ વિશે હરરોજ;
ખેદ નહી લેશ કદી દીલ માંહી, મુને૦ સુણો
પુરણ પ્રેમધારી પ્રીતતારી, મન વૃત્તિ હર્ષિત સદાય.
નયન તૃપ્ત ન થાય નિહાળી, ફરી ફરી ચિત્ત ચાંય;
છબી દિનરાત વસે મનમાંહિ. મુને૦ સુણો

રમણી—

કરમની કૃતી, પ્યારા અગમ છે અતિ;
જારી વિજારી, પ્યારી લાગે પળવાર.
પછી પાપી ફસાસે, મહા દુઃખ થાશે, જાશે જગતમાં કાર
ઝેર વેર ઘેરઘેર કરાવે, મુરખ મંદ મતિ. કરમ.

વીર— તને સમજે શુ નાદાન.
વ્હાલી ઝાઝું કરો શું ગુમાન.
પ્યારી જીવજાન, નહી અજાણ, માનમાન. વ્હાલી

મરમ વચન કારી, મરમ ભરેલાં ભારી;
કહ્યાં શરમ નીવારી, ગમાર ગણીને નારી.
જોયું ન જરી વીચારી, શુદ્ધિ સઘળી વિસારી;
એથી ખરે છે ખુવારી, ધાર્યો શું મને તેં જારી.
વનિતા વિચારી બોલો નથી હું નાદાન. બહુ॰

રમણી— ગીતી

માફ કરો મહારાજા, નીતિની રીતી સમ જો પ્યારા;
હું તમ માટે કહુ છું, રસિક રીશ થકી રહેજો ન્યારા.

વીર—

બુદ્ધિ બગડી તારી, અરરહાં, વદી વચન વિષ પાન;
મેં તન મન ધન જાણી રાણી, હાહા, વાણી તાણી વદું નગુ ગુ॰ સરી
બીક ગણે નહીં મારી, અરે જરી તું નારી.
બોલી તારી મધુરી જાણી, નારી હેરાન કરવા, વેરાન ભરવા.
દુઃખ સંઘરવા, બુદ્ધિ બગડી તારી.

ચંદ્રસિંહ—

અરે આ સચીવ શું જાણે શુણો,
મને પુત્રનો છે ઉચાટ ઘણો.
વ્યભિચારમાં વીર, એ લીન છે. રે હાય રે હાય
ભરોસો મુને ન પડે તે તણો.

વિજયપાળ—

બિરદ ખોઇ બેહાલ થાશે બહુ,
જનેતા લજાવી છે જાણે સહુ.

ચંદ્રસિંહ—

તમે શીખ દેજો અજાણ્યા થઇ, રે હાય રે હાય.
જઇ ક્રોધ મારો જણાવો તહીં.

ચીત્રગતી—

તજો ચિંતા પ્રભુ પ્યારા,

મન ધીર ધરીને લગાર. થાઓ શાંત તમે ભરથાર.

નિશા વિધિએ નીરમી, છધો આરામ સુખકાર;

પ્રિતે પોઢી પ્રાણુ આધાર

નસીબે લખ્યું તે થાય, એમાં શા વિચાર;

નહીં કોઇ રીતે ફરનાર.

રામ જેવા થઇ રાંક; બન્યા કુલાચાર;

જાણે સ્વામી સૌ સંસાર.

રમણી—

નૌતમ નર નારી ભુતળમાં, ચિત્ર ચરીત્રો લડાવે;

સુખાનંદ ઉમંગ થકી દીલ, ભોગવતાં મન ભાવે;

કરૂં સરદારી, પતિ રહેશો જખ મારી.

સુકુંદ—

કુળદીપક તનયા ક્ષત્રીની આ શું અવળુ બોલે,

નેક ટેક સતીઓના પેખી, અત્તર ઉંડું ખોલો.

છે ભય ભારી, અસાર રમત જારી;

રમણી—

સખીરે, મુને કામ વેદના કારી, કહું કયાં જઇ હું વિસ્તારી.

બેની મુને સુઝ પડે નહીં કાંઇ, થઇ દશા બહુ દુઃખદાઇ.

મદને, માર્યાં મોહબાણુ વિકારી, નાશી કયાં છુટું પ્યારી;

ઉરમાં, વાગી આપ્રેમ કટારી, કહું કયાં જઇ હું વિસ્તારી.

સુકુંદ—

ભારત ભૂષણુ ભામનિ, આણે શું અવિચાર;

ગુરૂ ગ્યાન ઉપદેશમાં, જઇ બેસો આ વાર.

જાગુરૂશરણે,વિષયદુખ ટાળ, ગુરૂજીમુખવાણી, સો પ'દીતેવખાણી
સેજે સખી શાણી તું પિછાણી, સકળ સુખકાર. જા.
સત સંગત કરવા થકી, તુટે જગ જંજાળ;
વિર ધરી શુરવીર થઇ, છુટી ન જા ભવપાર.
રે બેની મારી મદન વિકાળ, મદન રસ રગે;
અસહ્ય દુ:ખ અંગે, નથી નક્કી કાંઇ લાભ કુછંદે;
તજો તતકાળ, રે બેની મારી મદન વિકાળ.

વિજયપાળ— જોયુ જોઈ જોઇને મેતો ચોઠામ

જાણો જુઠો નારી કેરો પ્યાર,
યાર, ખ્વાર, ખરેખર છે થતું;
પૈસા વાળાને નાર, જુઠો જણાવી પ્યાર.
ખાઇ કરે ખુવાર, પછી કરાવે ઠાર. જાણો
પૈસા વીનાની પ્રીત, ખોટી જાણો ખચીત;
ચાહે પોતાનું હીત, એવી નારીની રીત;
મારૂં કેવું આ મન, જરા ધરીને કાન;
છોડી દે તું ગુમાન, રાયને પડી છે જાણ. જાણો.

વીર— નીરબળ શત્રુ

સચીવ થઈ તું આ શું બોલે, વાતમાં ધન થશે વણુ કામ;
હું નવ જાણું વાત જરાએ, કો નવ લેશે મારૂં નામ. સચીવ.
આવું વગર વિચારે, કર્યું કપટ તેં ભારે;
પીતુથી પ્રપંચ કરી, ઝેર તું વધારે.
ભાગ્ય હાંકી મુખ તારૂં, જવા દઉં અત્યારે. આવું. સચીવ

વિલાશાની— ગીતી

જાઓને આ ભૂતળમાં, નિપુણ નાગણી રમણી રૂપ જાણો;
ભલેપધારો પ્યારા, પ્રેમ રસે ભરપુર સુખ માણો.

વીંગ— હે હે રંભા

હે હે હે શાણી, સુણતું.
માલતી મલપાત, મધુકર આવ્યો. પા, અધરામૃત પાણી. હેહેહે
રસીક રસીલી પ્રીતમ પ્યારી, અરસપરસ તણી છે પ્રીત ન્યારી;
હરદીન નીરખી હરખું મનમાં, હાહા કામ વેદના લે તંમ તાણી હેહેહે

વિલાશીની— રાગ ઉપરનો

હે હે હે પ્યારા, કહુ શું
મેહેર કરી મન હરમન મોહન, હાસ્ય વિલાસ વધાર્યા. હે હે હે
નીરખીણુ મિન સહે દુઃખ ભારી, હરિણિહરિણ વિરહે દુઃખીઆરી
ગમગિન હિંન તેવી તમ પ્યારી, હાહા, રસીઆ વરીઆ
હો મન મારા. હે હે હે.

રમણી—

દુઃખી દીન રેન સદાની રે (૨)
ખોટા ખોટા ચીત્ત ચડે વીચાર, બે સુમાર દુઃખી
વિરહ દુ.ખ લાય, થાય, શરીર શોકથી સુકાય;
જુગ પેરે દીન જાય, ખચીત ના ખમાય. દુઃખી
મન મારૂં મુઝાય, હાય, હાય, નહી. એકે ઊપાય;
બળું બળું તન થાય, કોણ સુધારસ પાય, ખોટા. દુઃખી
શું કરૂં લાચાર પ્યાર, પતિ તણો નહીં લગાર;
મળશે ક્યારે જાર, પ્રિતે પુરણ પ્યાર. ખોટા. દુઃખી

રમણી— ગીતી

પ્રાણજીવન મુખ બોલો, શી રીતે અહીંથી સટકી જાઉં;
યુંક્ત અદલ બતાવો, જેથી જગ જાહેર ભટ થાઉં.

પ્રેમસેન— સુંદરમુખ સુંદીર તન

પ્યારી પરતંત્ર મંત્ર જંત્ર શું કરૂં;

રાજ રોશ કેરો દોશ દીલમાંહી ધરૂં.
રાય છે સદાય નીતિ ન્યાયના પિતા;
જાણી, દીલ આણી, વાંક રતિ ન સાંખતા. પ્યારી
ના, ના, પણ હાલ એ ઉપાય છે ખરો
માની, જાની, શીખમેં તારી, દીલમાં ધારી, વાત વિસરૂં પ્યારી

વીર—

શું ગજબ કર્યો તાતે, અરે આતે
મને ખરે કર્યો બેહાલ, (૨) માલ વિણનારી મુરખ જાતે. અરે
મારી જતી રહી શુદ્ધ ને સાન, હેરાન કર્યો એ કમજાતે. અરે
મુજ તન મન લાગે લાય, જાણે મરૂં મરૂં મન થાય
હવે કરવો શો ઉપાય, મીત્ર એ જાશું સંધતે. અરે

વારાંગનાઓ—

નમીએ નૃપતિ (૨) સુખી સદા રહો ગજરતિ
રિધિ સિધિ વૃધિ પામો, વામો મન સંતાપ
પામો પુત્ર સુપુત્રો ઝાઝા, પ્રભુ તણો પ્રતાપ. ન
પ્રજા તણા પ્રતિપાળ પ્રભુ છો, સદ્ગુણના ભંડાર
વીરમણિ અમ શીર ધણી, દો રજા જવાનીજ દ્વાર. ન

ચંદ્રસિંહ— ક્ષત્રીકલંક કેમ લેશેરે

અરે ભુંડી નીચ નફ્ટ નાદાન, ભુંડી તેં ભવ આ બગાડયો રે
સુખે સુતેલોસીંહણ જીવજાન, છંછેડી છેલ તેં જગાડયો રે
દીલ દીવાની થઈ શું દગાખોર, ભુંડી,
નકી ઉતારૂં હરામી તારો તોર. છંછેડી
કુડી જાત કુડીલા તારે કુસંગે. ભુંડી.
મારો રંગમાં પડાવ્યો છે ભંગ. છંછેડી

બોલ બોલ કમજાત કે' કબુલ. જુઠી.
વેર વાળ્યું વાસમાં વસી અતુલ્ય, છંછેડી.

વિલાશીની— ગાની

અધિપતિ માફ કરોની, અવગુણ મારો ઊર નહીં ધરશો;
યોગ્યે હશે તે કરશો, પ્રજા તણા તન તાપ આપ હરશો.

વિલાશીની—

વીર મા'વીર ધરોને ધીર મા'રી નહીં જની તકશીર.
હજુર રે'મ રાખો હૃદય, રાકનો વાંક પામશે લય.
જાણોછો તાત સઘળી વાત, શાણી સુજાને વેશ્યા વિખ્યાત.
ઉજળી ફાળ ન કોઇ કાળ, ભરે વેશ્યા નિરોગી વિસાળ.

વિજયપાળ— દીનજાણી .યા આણી

દિલ જાણી દીન વાણી, રાયરે; રેમ કરેરે;
રાય રે'મ કરેરે, દિલે દયા ધરેરે,
શાને માટે ભયભીત ફરે. દીલ
પરમ કૃપાળુ તાત પાલક એ,
હિતે નિત્યે પ્રિતે પ્રજા તણુ પોતે લાહેરે આને. દિલ
રાજ મુકી પર રાજ વસો જાઇ,
જાયે જાલદી નાયજી, નો હુકમ કરેરે; દિલ

---

## અંક ૨ જો.

ચંદશીંહ—

સુરસેત શુર જો વંન, વંન વિર ફરવા, (૨) શોધ કરવા,
મુજ અસહ્ય દુઃખ હરવા, વિર, જા, જા, જા, મુજ

હા, પુત્ર વિના ધરસુત્ર મારે શું કરવાં ( ૨ ) નેટ પર હરવા
જઉં શિવ પાસ મરવા, પ્રાણુ હરવા, વા,વા,વા, જઉં

ચંદ્રશીંહ—

કર્યો શે આ કર્મે કાળો કેર, મરૂં હું પીને હળાહળ ઝેર
કુળ વધુ કમજાતજ ઉઠી, કુપુત્ર કુળ કલંક
હુ હિણ ભાગી વિશ્વ સકળમાં, થઇ રહ્યા રાયનો રંક. કર્યો
વિધી વેરીએ માહા દુ:ખ આપ્યું, ઉથાપ્યું, ન થાવ;
ઇશ્વર સત્વર સાહ્ય કરે તો, દુખ વિમુખ પળાય. કર્યો

બીજયપાળ—

શિરછત્ર રત્ન રૂપકો, આ રાજનું મા'રાજ
વિચારવંત છો પ્રભુ વધું શું વદું શિરતાજ, ઓહો. શિર
સંસારમાં સુખ દુ:ખ, પ્રાણી માત્રને પડે
અણુધાર્યા આગ ચિંતા, સંકટ વિકટો નડે. ઓહો. શિર
જીવતા જનની કદી સેજ, આશા સો ફળે
નિરાશ થઇ કમોતે મરતાં, એકના વળે ઓહો. શિર

વારાંગનાઓ—

જોની આનંદી દિલ ભારો, શી આ રજની
મંદ પવનની લેહેર નગન સખી. જોની
કેવાં તરૂવર ખીલ્યાં, લાગે ફુલ છબીલાં.
કેવી ઓઢી પીછાડી, મહીમાતે સખીરી. બેની. જોની
કેવો ચંદ્ર મદન કંદ, ફંદે ફસાવે આલી
વ્હાલી વીલાસી જન સુખ સખીરી. બેની જોની

મોથી—

રડયા સુવા મરનેરે પીટયા
માથું વઢાયા નીત્ય મારે શીદમુજને

રાડ અને વઢવાડ લઢે રોજ રંડવા
હાડ ભાગ્યા મારી માર, મુઆ ચંડાળ. રડયા
લુટ તણી કડાકુટ કરે નીરહે થઇ
રોટલા ખાઈ સાત ભમે સારી રાત. રડયા
બીક લાગેને હીક આવે મારે કાળજે
નથી રેવું મારે આજ કરૂ ધરતાજ. રડયા

કાવલો—

આલી ઘેલી તું કેમ થઈ હાલી
ભાવે ભેટ ભલીભાત, મને વ્હાલીરે આલી
તારા ગોરાશા ગાલ, ગુલાબી
વાવા આજ છે આનંદ તાલી તાલીરે. આલી

રમણી—

રંગ બેરંગી પંખી બોલે, મનહર મોર બપઈયા
બુલબુલ શોરનો ઘોર પડે, જાણે, ગાયે રાગ ગવઈય.
શું સુખકારી, ભાસે જગલ ભારી

પ્રેમસેન—

નવ રંગી નારંગી પ્યારી, હું મનમોહન તારો;
સાળ સવાળી શીતળ કારી, હુ પાણીનો કયારો.
ભલે દિલજાની, લે વનમાં સુખ માની.

રમણી—

વિધિ વરણુ વખાણુ રે, દયાવાન, કૃપાવાન
દુ:ખથી છોડાવી સુખ સીખરે ચડાવી. વિધિ.
ભમર કમળ રતિ, પતિ સમરોજે, ધન્ય તે શાબાશ જાણુ
દાખુ રમતાનુ ટાણુ, માહા સુખ માણુરે (પ્રભુ) વિધિ.

પ્રેમશીન—

પાસ રહુ ઉલાસમાં, દિલદાર ત'હરી;
આનંદ મંદ હાસ્ય પ્રેમપાશ દે ભરી.
વિનોદ ને વિલાસ રાગ રંગ દિલ રમં,
ઉમંગ અંગો અંગ મન તરંગ ના સમે. પાસ
પ્યારી તારી કૃતી, અદભૂતમતિ
નથી ભીતી, બાજી જીતી, આજે જોઇ જોઈ
જીવનહાર તું, પ્રાણઆધાર તું, દિલદાર તું, હૈયા હારતું
શી ખુશી છે આજ પ્રભુ માહરી. પાસ

ચોરનું ટોળું·— દીવાનીનો

વાવા લાગ ખરો આ મળિઓ રે, એખડ બારે પાકી.
જો જો હાલા, જો જો લાલા, શુકન થયા ક્યા સારા;
માતાજીએ મેહેર કરી છે. જો જે ડરતો હારા. વાવા.
ચળક, પળક, પેલું શું ચળકે, બારે સુક્ષ જણાય;
હાલા હું હમજે તું એમાં. માણેક એ કહેવાય. વાવા
હાલો વાર લગાડો હાને હૈયે રાખો હામ;
માતાજીને ભોગ આપીશું, જે જે માતા નામ. વાવા.

પ્રેમશીન— ખબર નહીં આ જુગમાં કલકી

ભય પામી તન થરરર કંપે જંપે નહિ હાલી; અરે હા
હું હિણભાગ્ય તજી ઘર આવ્યો, આહિં ગમત કરવા
સ્ત્રી બાળક ટળવળતા મેલી, મોત વીના મરવા; અરે હા ભય

રમણી— ઊપલી રાહ

તકતાકિ બકવાદ કરીશું, તીકમ તરછોડો. અરે હાં
નીરખિયુ મિન પલક નહિ જીવે પ્રાણજીવન પ્રીછો.
ભ્રમર કમળ પ્રીમળ છોડી ગૃહ. વ્યથા વૃથા ઇચ્છો અરે હા. તક

રમણી— પાપી ચુપ પાપી ચુપ.

પાપી ચેત, પાપી ચેત, પાપી ચેત તું
નફટ નાદાન હટ ઝટપટ તુ હેવાન, બન્યો શું ખરે બેભાન;
લાવ્યને જરી તું સાન, જાળવજે તારો જાન.
અધમ મુકી દે માન, શઠનટચીટ નર નિવડયો શું. પાપી.

રમણી—

હજી કાંઇ સાન રે હેવાન, દિલમાં લાવ જરી;
અબળા અનાચારમાં, આવાર ફુગાહ ખરી. હજી.

મવસો—અરે નિચ નાર તું, વધુ ગમાર શું.
કરી છેલ્લો વિચાર, થઇ તૈયાર આવને તું હજી.

રમણી—સિંહણ છંછેડયા થકી, નિરાશ છે થાવું નહિ;
સાપ કેરા રાફ માંહી, હાથ ઘાલવો ન કદિ. હજી

રમણી— દયાવાન દયાવાન.

પ્રેમે પ્રભુજી તુંને કરૂં છેલ્લા પ્રણામ
કૃપાવાન, કૃપાવાન, કૃપાવાન, કૃપાવાન,
સાંઇ હાય, હાય, થાય, પ્રેમે
આ થયું શું તને ચોર, કેમ થાય છે કઠોર
નિડર થઇ નઠોર, રામાં જાણી વાજે ગોળ
કર્યા મેં કર કારી, નિવડી ન ાા નારી
પ્રભુ દયા દિલે ધારી, ઉગારી લેજે મુરારી
ધારી તારી મુરતિ પ્યારી, ધ્યાને લીધે છે ઉતારી
વા વા જાઉ વારી વારી, ગતિ કતિ ભાસે ભારી
સાંઇ હાય, હાય, થાય, પ્રેમે પ્રભુજી કરૂં છેલ્લા પ્રણામ તુંને

રમણી—

આ હત્યા શિર પાપ, શાદ લે છે અહિ;

છું નિરાધાર યાર, ક્રુર થા તું નહિં.

રમણી — અરે માન.
કાવલો — છીટ, છીટ,
રમણી — જાયે જાન,
કાવલો — છીટ, છીટ,
રમણી — અરે ખરે બની છું હેરાન,
કાવલો — છીટ, છીટ, છીટ,
કાવલો — મારૂં હાર
વીર — શિત, શિત,
કાવલો — કરૂં પાર,
વીર — શિત, શિત,
કાવલો — માને શાન્તિ તું નાદાર,
વીર — શિત, શિત, શિત,
વીર —

સુંદર ચિત્ર હર, શું, ચપળા
દિસે છબી નૌતમ ન્યારી, ભામનિ ભૂતળ નહિ બાળી
હરખી હરખી તન તાણું, જાણી રસવારી. સુંદર
રૂપ અનુપમ તન વન ખીલ્યું, ભય ત્રાસે મુખ ભાસે વિલુ
મોહપાશ આદ્ર દિલ લાવે ફાવે
હાહા, મુરત સુરત મનોહારી, સુંદર ચિત હરશું ચપળા

વીર —

આહા શું બણી ઠણી, પદ્મણી, નારી રૂપ મણી દીસે નાગણી
ચંદ્રવદન ચિત્ત હરતન તરૂણી, ધરૂણી ચિત બળે
અરરરરરરરર થશે કંઇક આ ઘડી રે, આહા.
વિષય વેલ રસરેલ ઘણી કર રહેલ અરે હંસણી

અવસર આવ્યો આ વાર, અરે દિલદાર
નહિ મળનાર, ફરી કોઈ કાળ, મુને કામ વેદના થાય
ખરે ન ખમાય કામશર, થરરરરરરરર થડકાવે આ કાય
પ્રેમ રસ ભણી રે, આહા

વીર— પ્રેમના પ્રેમની પ્રેમનીરે
શરમનિ. ગરમ'ન, ગાનનિરે,
મારી, મોહને હરારી, ભાગી ભામની. શરમ
રશિકરામા આ શું કીધું, ચિત્ત વિત ચોરી લીધું
કામણ કર્યું તેં કારી કામની રે. મા. શરમ
ચંદ્રને ચકોર પ્રિત, મેઘ મોરનીજ રીત,
પ્યારી જાણિ મારે જામી જામનિ રે. મા. શરમ
તું રતિ પતિ હું તારો, નેટ ન્યારો નહિ થનારો
માળા જપું નિત્ય તારા, નામનિ રે મા. શરમ

કનકસેન— એક નારી જગતમા પ્યારી
મૂકો મૂકો મિત્ર મારા, હઠ છે દુઃખ ધારા.
શરમ તણો સૌ મરમ જણાણો, હમણા રહો તમો ન્યારા હઠ
ધીરે ધિરે કામ સરસે તમારૂં; આધર બનો નહિ પ્યારા. હઠ
જીવ તેનો હજુ ચોકને બેસે લાગે છે ભય ભણકારા.

વીર— મામાએ કીધા
કામા શો, કેરજ કોધે,ા દિલદાર દગો કેમ દીધો
અરે વા' વા' વા' ધિકનાર તજીને પ્યાર
બની નીદાર લાગ લઇ લીધો. કામા
રે હિણભાગી જીવડા. ફોકટ કાંઇ માર; વેસ્યાના વિશ્વાસથી
ખાય ખાસડે માર, ખાય ખાસડે માર, ખરે વ્યાભિચાર.
મહિ નહીં સાર. અરે. વા', વા', વા', ધિક. કામા

વીર—

દારા દરૂણુ દુઃખદાઇ હો ભાઈ. દારા
આવાવિ પ્યાર થકી લલચાવિ, મુરખ મન અકારશે
પ્રેમ રસે ચકચુર કરીને, નુર સકળ સંહરશે, હો ભાઇ દાર
પ્યારો નિરાશ કરી ગઇ નાશી, વેશ્યાનો ભાવ ભજાવ્યો
જાળ તણી સંભાળ કરી નહિ, લાલચથી લોભાયો. હો. દારા

વીર— ધીક્કારછે તને નીચ પાપી બેશરમ

હે માત ભુમિ માગ દે નહિ જાગરે જો
વાવેલ બીજ પાપના, નિજ દેહને નડે હે
રાજપાટ સુખ સાહગી, ધર્મ ધરાને ધામ
માનનિ ખાતર મુકીઆ, જે ઠરવાના કામ. નહિ. હે
દારા ધાગ દુઃખ સર્વનિ, દુનિઆમાં દેખાય
ભોળા જનને ભરમાવીને, ફોકટ ફોલી ખાય. નહિ હે

વીર— દશા આશી થઇ મારી

કરમ તારી કૃત ન્યારી, ભુમીતલમાં દિસે ભારી
હાથી હોદ્દે બેસતો, છત્ર ધરાતિ શીષ;
ખમા ખમામાખેલતો. હરખે જે હરનિશ.
સહે રન તાપ તે કારી, દલી તેની છે દુખીઆરી. કરમ.
વાનતાના વિશ્વાસની, કામ અંધ થઇ આપ.
પેટ પ્રપચ પરખ્યા વિના, નાહો લઇ પરભાત;
નફટ ગઇ નીકળી નારી, મુને મૂકીને પરબારી. કરમ.
પરદારા દ્રષ્ટે પડી, રૂપ અનુપ રસાળ,
મોહયો મુઢ માઝા તજી, નિચ અધમ ચંડાળ;
ગયા નાશી પ્રીતમ પ્યારી, મિત્રે પણ માયા વિસારી. કરમ
હાય હવે હું ક્યાં જઊં, થર થર કંપે કાય,

અગ્નિ લાગ્યો અંગમાં, મન તન બહુ ગુંચવાય;
નથી જીંદગી હવે પ્યારી, બન્યો બેહાલ વ્યભિચારી. કરમ.

કનકસેન—

નીચક ધીક તને, નહિ બીક મને (૨)
પતિ વધ કીધો પાપણી તેં (૨) ક્રૂર કેર કર્યો તેં આ સમે
નિચગોઝારી, અધમ નારી (૨) ચંડાળ તારે શિર કાળભમે. ધિ

રમણી—

સ્વામિ શિરછત્ર આ સમે, શું મને દમે;
ભરમમાં ભમે, ના, ના, કદી એવું નહિ બને. સ્વામી.
નાથ, નાથ, હાથ જોડી લાગુ તુને, પાય, પાય, પાય,
ધરમ તુ, લગાર દિલે ધાર, હુંછું નાર, તું ભરથાર
પ્રાણુ આધાર, દુઃખ દળનાર, સુખ કરનાર,
મુજ ખરે જાવા દે, નથી એમાં, કંઇ સાર, જીવનહાર,
છું દિલદાર, નકિ નિરાધાર;
વ્હાલા, કાલાવાલા કરી, કરગરૂં તને. સ્વામી

રમણી—

સાહ્ય થજે, વિશ્વપતિ;
વિમળ મતિ, જન સુખ કર તું, દયા જરી ધર તું. સાહ્ય
સાહ્ય, સાહ્ય, સત્વરથા સ્વામી, આરાધું હું અંતરજામી,
માફ કરો મુજને, હાથ છું અબુજને, રે, નાથ નીયંતા.
મર્ણ તણો મુજને ભય ભારી, મુઝાવું અંતરમાં,
ત્રાસ તન મનમાં, સાહ્ય થજે વિશ્વપતિ.

ચંદ્રસિંહ—

અરે વિધી, દયાનિધી દશા મારી શું આ કીધી
હર્યા સુત પ્રાણુ, રે નાદાન, બન્યો બેભાન તું શાને

ખરે જમરાજ દસાગ્યો આજ, કર્યું શું આ તેં કુડું કાજ
હજી શી દાઝ, રે માંરાજ, બુઝાવો આગ આ બાને
થયો શું સત, સુરજ અસ્ત, સુના મુકી સગાં સમસ્ત
ગયો શું હંસ કરી નિરવંશ, પુકારૂં કયાં જઈ. કોને

ચન્દ્રસિંહ—

મનુષ્ય દેહી મળશે નહિ ફરી કયાંઇરે
જુઠ્ઠી આ જગની સગાઇ રે. મનુષ્ય
તન ધન જોબન, પળ પળ પલટે
પુદ્દા પડે એ ફસાઇ રે. મનુષ
માત પિતા સુત, બંધવ બેની
સ્વાર્થે સરે સુખદાઇ રે. મનુષ
આજ મેરે ઠોકાં, કાલ મુસાફર
જન્મ મરણ દુઃખદાઇ રે. મનુષ

દરબારીઓ—

વિનવો શ્રી વિશ્વાધાર, ખરે આ વાર.
થાઓ રાજ તણો જયકાર, (૨) થશે સુખીઆ સર્વે નરનાર. ખરે
નીતિ ન્યાય તણા ભંડાર, જશ જામો ઠારોઠાર.
શત્રુ પામો સંહાર, અચળ અવનિમાં રાજ દુવાર. તપોબહુવાર ખરે

વારાંગનાઓ— જયકારી

જયકારી પ્રભુ, સુખકારી તમને નરનારી નમે, જયકાર
અજર, અમર, અધિપત, અવિનાશી, વંદી તને આનંદી બને. જય,
અધમ ઓદ્ધારા છો પ્રભુ પ્યારા, હાથગ્રહો સંતાપ સમે. જય
અચળ તપોજય ભાનું પ્રભૂનો, માગીએ આશિષ એવી અમે. જય.

માત્રા— જો તુ પ્યારી ચાહેશારી

ભારેની, ખુવારી ભારી, નજરે, ન્યાળી લાવો ગાળ.

બહુ દુઃખ દાયી, ભયભીત કારી, સુખ હરનારી, ધરો ધ્યાન
કરણી તેવી, પાર ઉતરણી, ધરણીમાં થાઓ નીરવાણ
તપ થકી સુખ જંપ મળે, તે જાણે છે સર્વે ગુણવાન
સજ્જન સુખ વરો, પાપ પરી હરો
સન્મતિ કરો, સત્ય આચરો
પુન્યમાં પળો, જ્ઞાનમાં ભળો
ધર્મ આદરો, ભવદંધી તરો
પાપ તણા પરીતાપ નિવારી, તાપ વિદારી દ્યો નીદાન
ધર્મ ધુરંધર નાથ નિરંજન, ભવદુઃખ ભંજન છે ભગવાન

સમાપ્ત

# જાહેર ખબર

સર્વે સદ્ગ્રહસ્થ ભાઇઓને ખબર આપવામાં આવેછે કે આ ચોપડી જે સાહેબોને રાખવાની મરજી હોય તે સાહેબોએ નીચે સહીઓ કરનારની પાસેથી પત્ર લખી મંગાવી લેવીને પૈશા અગાઉ મોકલવા તે શી રીતે મોકલવા તે નીચે પ્રમાણે વાંચીને મોકલવા.

ટીકેટોની સાથ મોકલવા પૈશા પોચ્યાથી તરત મોકલવામાં આવશે.

નાટપેટ કાગળ લેવામાં આવસે નહી.

કીમત ચોપડીના પુંઠા ઉપર લખીછે તે પ્રમાણે પૈશા મોકલ્યાથી નકલો મોકલવામાં આવશે.

અમદાવાદમાં વાંચીની પોળમાં ગ્રંથ કરતા પાસેથી મળશે

વકીલ [illegible] પ્રેમચંદ કસતુરચંદ પાસેથી